ઘાયલ ખલીલ અહેમદના સ્થાને યશ દયાલનો રિઝર્વ તરીકે સમાવેશ

પર્થ, તા. 20 (પીટીઆઇ) : ડાબોડી ઝડપી બોલર યશ દયાલને ભારતના રિઝર્વ ઝડપી બોલર ખલીલ અહેમદના સ્થાને લેવામાં આવ્યો છે કારણ કે ખલીલ ઈજાને કારણે ઘરે પરત ફર્યો છે. બાંગ્લાદેશ સીરિઝ દરમિયાન ટેસ્ટ ટીમમાં સામેલ દયાલ દક્ષિણ આફ્રિકામાં ટી-20 ટીમમાં હતો પરંતુ એક પણ મેચ રમ્યો નહોતો. તે જોહાનિસબર્ગથી સીધો પર્થ પહોંચી ગયો છે. ખલીલ ઘાયલ થયો હતો અને નેટ્સમાં બોલિંગ કરી શક્યો ન હતો. મેડિકલ ટીમે તેમને આરામની સલાહ આપી હતી, ત્યારબાદ તેમને ભારત પરત મોકલવામાં આવ્યો હતો.

ચાઇના માસ્ટર્સ : લક્ષ્ય, સિંધુ અને માલવિકા બીજા રાઉન્ડમાં

શેનઝેન (ચીન), તા. 20 (પીટીઆઇ) : ચાઇના માસ્ટર્સ સુપર 750 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં લક્ષ્ય સેન અને ફોર્મમાં ચાલી રહેલી માલવિકા બંસોડ સાથે બે વખતની ઓલિમ્પિક મેડલિસ્ટ પીવી સિંધુએ બુધવારે અહીં તેમની મેચો જીતીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. મહિલા સિંગલ્સમાં સિંધુએ 50 મિનિટ સુધી ચાલેલી પ્રથમ રાઉન્ડની મેચમાં તેની ઉચ્ચ ક્રમાંકિત થાઈલેન્ડની બુસાનન ઓંગબામરુંગફાનને 21-17, 21-19થી હરાવી હતી. સિંધુની બુસાનન સામે 21 મેચમાં 20મી જીત હતી. બીજી તરફ, માલવિકાએ ડેનમાર્કની લીન હોજમાર્ક જેગરફેલ્ટ સામે 20-22, 23-21, 21-16થી જીત મેળવી હતી. મેન્સ સિંગલ્સમાં લક્ષ્યએ 57 મિનિટમાં સાતમા ક્રમાંકિત મલેશિયાના લી ઝી જિયા સામે 21-14, 13-21, 21-13થી જીત મેળવીને ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલ મેચમાં પોતાની હારનો બદલો લીધો હતો.

વર્લ્ડકપ દક્ષિણ અમેરિકા ક્વોલિફાયર : પેરુને હરાવી આર્જેન્ટિના ક્વોલિફિકેશનની નજીક

બ્યુનસ આયર્સ, નવેમ્બર 20 (એપી) : લોટારો માર્ટિનેઝના ગોલની મદદથી આર્જેન્ટિનાએ વર્લ્ડકપ ફૂટબોલ 2026 દક્ષિણ અમેરિકન ક્વોલિફાયરમાં પેરુને 1-0થી હરાવીને ક્વોલિફિકેશન તરફ વધુ એક પગલું ભર્યું હતું. જ્યારે સાલ્વાડોરમાં બ્રાઝિલ અને ઉરુગ્વે વચ્ચેની મેચ 1-1થી ડ્રો રહી હતી. ઉરુગ્વે માટે પ્રથમ ગોલ ફેડરિકો વાલવર્ડે કર્યો હતો જ્યારે બ્રાઝિલ માટે ગેરસને બરાબરીનો ગોલ કર્યો હતો.

કમોસમી વરસાદ છતાં ક્યુરેટરને પર્થની પિચ પર વક્ર તિરાડોની અપેક્ષા નથી

મેચના દિવસે પિચ ભેજવાળી રહેવાની ધારણા છે જેના કારણે ટેસ્ટના પાંચ દિવસ તે તૂટવાની કોઈ શક્યતા નથી : આઇઝેક મેકડોનાલ્ડ

હવામાન વિભાગે શુક્રવારથી આકાશ સ્વચ્છ રહેવાની આગાહી કરી છે પરંતુ તાપમાનમાં વધારો થવાની પણ આગાહી કરવામાં આવી

પર્થ, તા. 20 (પીટીઆઈ) વાકાના ચીફ ક્યુરેટર આઇઝેક મેકડોનાલ્ડે બુધવારે જણાવ્યું હતું કે પર્થમાં કમોસમી વરસાદને કારણે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ માટેની પિચની તૈયારીને અસર થઈ છે અને તેમ છતાં તેના પર વક્ર તિરાડો બનવાની તેઓ અપેક્ષા રાખતા નથી. વરસાદ પડવા છતાં પીચમાંથી ઘણો ઉછાળો જોવા મળશે.

ઓપ્ટસ સ્ટેડિયમ અથવા વાકા ગ્રાઉન્ડની પીચો તેની ગતિ અને ઉછાળ માટે પ્રસિદ્ધ છે અને શુષ્ક સ્થિતિમાં બનેલી તિરાડો ઝડપી બોલરોને વધુ ટેકો પૂરો પાડે છે. છેલ્લા કેટલાક દિવસોથી અહીં વરસાદ પડી રહ્યો છે અને મંગળવારે આખો દિવસ પિચ પર કવર નાખવામાં આવ્યા હતા જેના કારણે ક્યુરેટર્સને તૈયારી કરવાનો સમય મળી શક્યો ન હતો.

મેકડોનાલ્ડે શુક્રવારથી શરૂ થનારી પ્રથમ ટેસ્ટ પહેલા મીડિયાને કહ્યું હતું કે પરંપરાગત તૈયારીઓ કરવામાં આવી નથી. ગઈકાલે આખો દિવસ પિચ પર કવર હતા. હવે અમે આગામી બે દિવસની તૈયારીઓ ટૂંક સમયમાં શરૂ કરીશું. મેચના દિવસે પિચ ભેજવાળી રહેવાની ધારણા છે જેના કારણે ટેસ્ટના પાંચ દિવસ તે તૂટવાની કોઈ શક્યતા નથી.

ક્યુરેટરે કહ્યું હતું કે મને નથી લાગતું કે આ પીચ હવે તૂટશે. તેના પર વક્ર તિરાડો પડવાની કોઈ શક્યતા નથી પરંતુ ઘાસની વૃદ્ધિ સમાન ઉછાળ આપશે. હવામાન વિભાગે શુક્રવારથી આકાશ સ્વચ્છ રહેવાની આગાહી કરી છે પરંતુ તાપમાનમાં વધારો થઈ શકે છે.

પાકિસ્તાને હાલમાં જ અહીં એક વન ડેમાં ઓસ્ટ્રેલિયાને 140 રનમાં આઉટ કરી દીધું હતું. ત્યારે પિચ પર ચાર મીમી ઘાસ હતું પરંતુ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની પ્રથમ ટેસ્ટ દરમિયાન તે બમણું થઈ શકે છે.

પ્રથમ ટેસ્ટ મેચ સુધી ગિલની રાહ જોવાશે, નીતિશ રેડ્ડી પર નજર રહેશે : મોર્ને મોર્કેલ

પર્થ, તા. 20 (પીટીઆઇ) : ભારતના બોલિંગ કોચ મોર્ને મોર્કેલે બુધવારે કહ્યું હતું કે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ માટે શુભમન ગિલની ઉપલબ્ધતા અંગે અંતિમ નિર્ણય મેચની સવારે લેવામાં આવશે અને એ પણ કહ્યું કે બેટ્સમેન ઓલરાઉન્ડર નીતિશ રેડ્ડી પર નજર રહેશે. મોર્કેલે કહ્યું હતું કે શુભમનની હાલત દરરોજ સુધરી રહી છે. તે 'સ્કવોડ ગેમ'માં ઈજાગ્રસ્ત થયો હતો. તેની સ્થિતિનું દરરોજ નિરીક્ષણ કરવામાં આવશે, તે એક દૈનિક પ્રક્રિયા છે. અમે તેની સ્થિતિમાં સુધારાની આશા રાખીએ છીએ. પ્રારંભિક ટેસ્ટ મેચના પ્રથમ દિવસની સવાર સુધી તેના રમવા અંગેના નિર્ણયની રાહ જોવાશે. મોર્કેલે કહ્યું કે રેડ્ડીની ઓલરાઉન્ડ કૌશલ્યને જોતા શ્રેણીમાં તેના પ્રદર્શન પર નજર રહેશે. તેણે કહ્યું હતું કે તે એક એવો ખેલાડી છે જે એક છેડે ટકી શકે છે. અહીંની પરિસ્થિતિમાં તે સારો બોલર બની શકે છે જે 'વિકેટ ટુ વિકેટ' સચોટ બોલિંગ કરે છે.

મહિલા ACT હોકી : ભારતીય ટીમે ચીનને હરાવી ટાઇટલ જાળવી રાખ્યું

ભારત માટે ગોલ્ડન ગર્લ પુરવાર થયેલી દીપિકાના ટૂર્નામેન્ટમાં 11માં ગોલની મદદથી ભારતીય ટીમે ચીનને 1-0થી હરાવ્યું

રાજગીર, તા. 20 (પીટીઆઇ) : મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટૂર્નામેન્ટની આજે બુધવારે અહીં રમાયેલી ફાઇનલમાં સ્પર્ધામાં 'ગોલ્ડન ગર્લ' પુરવાર થયેલી દીપિકાના 11મા ગોલની મદદથી ભારતે ઓલિમ્પિક સિલ્વર મેડલિસ્ટ ચીનને 1-0થી હરાવીને ટાઈટલ જાળવી રાખ્યું હતું.

ગયા વર્ષે રાંચીમાં અને 2016માં સિંગાપોરમાં આ ખિતાબ જીતનારી ભારતીય ટીમે જબરદસ્ત તાલમેલ અને સંયમ બતાવીને ચીનને બેકફૂટ પર રાખ્યું હતું. પ્રથમ હાફ ગોલ રહિત રહ્યા બાદ, દીપિકાએ બીજા હાફની પહેલી જ મિનિટમાં ભારતને મળેલા પેનલ્ટી કોર્નર પર ગોલ કરતાં ભરચક સ્ટેડિયમમાં પ્રેક્ષકોની ચિચિયારીઓ ગુંજી ઉઠી હતી. બીજા હાફની પહેલી જ મિનિટમાં લાલરેમસિયામીએ ભારતને પેનલ્ટી કોર્નર અપાવ્યો હતો. પહેલો શોટ ચૂકી ગયો હતો પરંતુ બોલ સર્કલની અંદર હતો અને નવનીતની સ્ટીકથી ડિફ્લેક્ટ થઈને દીપિકા સુધી પહોંચ્યો જેણે તેને એક શાનદાર ફ્લિક વડે ગોલની અંદર ધકેલીને ભારતને સરસાઇ અપાવી હતી. ત્રીજા ક્વાર્ટરમાં જ ભારત પાસે લીડ બમણી કરવાની સુવર્ણ તક હતી, પરંતુ 42મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોક પર દીપિકાનો શોટ ચીનની ગોલકીપરે જમણી બાજુએ ડાઇવ કરીને બચાવી લીધો હતો. ચોથા ક્વાર્ટરમાં પણ ભારતને પેનલ્ટી કોર્નર પણ મળ્યો પણ ગોલ થયો નહોતો.

મેલોર્કાના નાના ગામડાના એક સારા વ્યક્તિ તરીકે મને યાદ રાખશો તો ગમશે : રાફેલ નડાલ

છેલ્લી મેચમાં 80માં ક્રમાંકિત ખેલાડી સામે હારવાની સાથે રાફેલ નડાલની અસાધારણ કારકિર્દીનો કડવો અંત આવ્યો

પોતાની કેરિયરમાં કોઇ આ ક્ષણ ઇચ્છતું નથી, હું ટેનિસ રમીને થાક્યો નથી પણ મારુ શરીર હવે રમવા માગતું નથી : નડાલ

નડાલનો કટાક્ષ : ડેવિસ કપમાં પહેલી મેચ હાર્યો અને છેલ્લી પણ હારીને સર્કલ પુરું કર્યું

પોતાની કેરિયરની છેલ્લી મેચમાં 80માં ક્રમાંકિત ખેલાડી સામે હારનો સામનો કરવા છતાં નડાલ રમૂજના સ્પર્શથી મૂડને હળવો કરવામાં સફળ રહ્યો હતો. તેણે કહ્યું હતું કે કેટલીક રીતે, એ યોગ્ય છે કે આ મારી છેલ્લી મેચ હતી, સાથે જ તેણે કટાક્ષમાં કહ્યું હતું કે હું ડેવિસ કપમાં મારી પ્રથમ મેચ હારી ગયો હતો, અને હું મારી છેલ્લી મેચ પણ હારી ગયો છું. તેથી, એક રીતે જોઇએ તો આ સર્કલ પુરૂ થયું છે.

માલાગા, તા. 20 : ટેનિસ જગતનો દિગ્ગજ અને બિગ થ્રીમાંનો એક એવો રાફેલ નડાલ મંગળવારે તેની પ્રોફેશનલ કેરિયરની અંતિમ મેચ રમી હતી. માલાગામાં તેના ઘરઆંગણે પ્રશંસકોની ભરચક ભીડની સામે, નડાલે ઇતિહાસની સૌથી પ્રેરણાદાયી સફરમાંથી એક પર પડદો પાડ્યો હતો. ડેવિસ કપ ફાઇનલ્સ ક્વાર્ટર ફાઇનલમાં નેધરલેન્ડ સામે સ્પેનનું પ્રતિનિધિત્વ કરતી વખતે નડાલ તેની છેલ્લી સિંગલ્સ મેચ હારી ગયો હતો. આ મેચ પછી તેણે લોકોની તાળીઓના ગડગડાટ વચ્ચે કહ્યું હતું કે ટાઇટલ, તેનો આંકડો જ્યાં છે ત્યાં રહેશે અને લોકો કદાચ તે જાણતા હશે. પરંતુ લોકો મને મેલોર્કાના નાના ગામડાના એક સારા વ્યક્તિ તરીકે યાદ રાખે તે મને ગમશે.

તેણે ઉમેર્યું હતું કે વાસ્તવિકતા એ છે કે કોઈ પણ પોતાની કારકિર્દીમાં આ ક્ષણ ઇચ્છતું નથી. હું ટેનિસ રમીને થાક્યો નથી પરંતુ મારું શરીર હવે રમવા માંગતું નથી અને મારે એ પરિસ્થિતિ સ્વીકારવી પડશે. મારા શોખને કેરિયરમાં ફેરવવા અંગે મેં જે વિચાર્યું તેના કરતાં વધુ સમય સુધી રમવા માટે ભાગ્યશાળી રહ્યો છું. આ પ્રવાસમાં જે લોકો મને અનુસર્યા તેઓનો હું હંમેશ માટે આભારી રહીશ. સમારોહ પછી, નડાલે તેના સાથી ખેલાડીઓને ભેટીને બંને હાથે તેમની શુભેચ્છા સ્વીકારીને બહાર નીકળી ગયો હતો.

તેની કેરિયરની ઝાંખી દર્શાવતો વીડિયો પ્રસારિત થતાં નડાલની આંખ ભીની થઇ

બાવીસ વારના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન નડાલની 20 વર્ષથી વધુની સફરની આ છેલ્લી ટુર્નામેન્ટ હતી. દર્શકો 'રાફા, રાફા, રાફા'ના નારા લગાવી રહ્યા હતા. તેની શાનદાર કેરિયરના સન્માનમાં સેન્ટર કોર્ટમાં એક સમારોહનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે તેની કારકિર્દીની ખાસ વાતો દર્શાવતો વિડિયો ચલાવવામાં આવ્યો ત્યારે નડાલની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.

નડાલ તેની છેલ્લી મેચ હાર્યો, સ્પેનનું ડેવિસ કપ અભિયાન સમાપ્ત

સ્પેનને 2-1થી હરાવીને નેધરલેન્ડ 2001 બાદ પ્રથમ વખત ડેવિસ કપની સેમિફાઇનલમાં પહોંચ્યું માલાગા (સ્પેન),તા. 20 (એપી) : એક પ્રોફેશનલખેલાડી તરીકેની તેની છેલ્લી મેચમાં, રાફેલ નડાલને વિશ્વમાં 80માં ક્રમાંકિત બોટેચ વાન ડી ઝેન્ડસ્કલ્પે 6-4, 6-4થી હરાવ્યો હતો અને તેની સાથે ડેવિસ કપની ક્વાર્ટર ફાઇનલમાં સ્પેન પણ નેધરલેન્ડ સામે હારી ગયું હતું. કાર્લોસ અલ્કારેઝે બીજી સિંગલ્સ મેચ 7-6, 6-3થી ટેલોન ગ્રીક્સ્પોરને હરાવ્યો હતો પણ અલકારેઝ અને મારેચલ ગ્રેનોલર્સની જોડી ડબલ્સમાં 7-6. 7-6થી હારી ગઇ હતી. નેધરલેન્ડનો હવે જર્મની અથવા કેનેડામાંથી કોઇ એક સાથે મુકાબલો થશે. નેધરલેન્ડ 2001 બાદ પ્રથમ વખત સેમિફાઇનલમાં પહોંચ્યું છે.

લિયોનેલ મેસીના નેતૃત્વમાં આર્જેન્ટીના ફૂટબોલ ટીમ આવતા વર્ષે કેરળમાં રમશે

આર્જેન્ટીના મેચની તારીખ નક્કી કરશે, સ્થળ અને હરીફ ટીમ તે પછીથી નક્કી થશે

તિરુવનંતપુરમ, તા. 20 (પીટીઆઇ) : કેરળ સરકારે બુધવારે જાહેરાત કરી હતી કે દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસીની આગેવાની હેઠળની આર્જેન્ટીનાની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ આવતા વર્ષે આંતરરાષ્ટ્રીય મેચ માટે રાજ્યની મુલાકાત લેશે. અહીં એક પત્રકાર પરિષદને સંબોધતા કેરળના રમત મંત્રી વી. અબ્દુરહીમાને કહ્યું હતું કે આ મેચ રાજ્ય સરકારની સંપૂર્ણ દેખરેખ હેઠળ યોજાશે. આ હાઈ-પ્રોફાઈલ ફૂટબોલ ઈવેન્ટના આયોજન માટે તમામ નાણાકીય સહાય રાજ્યના ઉદ્યોગપતિઓ દ્વારા પૂરી પાડવામાં આવશે. મંત્રીએ કહ્યું હતું કે બે મેચ રમવા માટે આર્જેન્ટીનાની ફૂટબોલ ટીમ દોઢ મહિનામાં કેરળ આવશે. તેમણે કહ્યું કે મેચનું સ્થળ અને વિરોધી ટીમ પછીથી નક્કી કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ મેચ આવતા વર્ષે યોજાશે, પરંતુ આર્જેન્ટીના ફૂટબોલ ફેડરેશન દ્વારા નક્કી કરવામાં આવેલી સિસ્ટમ અનુસાર તારીખની જાહેરાત કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ મેચ એવા સ્ટેડિયમમાં યોજાશે જેમાં ઓછામાં ઓછા 50,000 લોકો બેસી શકે. તેમણે ઈશારો કર્યો કે મેચનું સ્થળ કોચી હોઈ શકે છે.

ટી-20 રેન્કિંગ : તિલક વર્મા હનુમાન કૂદકો લગાવીને ત્રીજા સ્થાને પહોંચ્યો

ટી-20 ઓલરાઉન્ડર્સ રેન્કિંગમા હાર્દિક પંડ્યા ફરી એકવાર ટોચના સ્થાને પહોંચી ગયો

દુબઈ, તા. 20 : ભારતીય ક્રિકેટનો ઉભરતો સ્ટાર ખેલાડી તિલક વર્માએ આજે બુધવારે જાહેર થયેલા ટી-20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં 69 ક્રમનો હનુમાન કૂદકો લગાવીને બેટિંગ રેન્કિંગમાં ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. જ્યારે સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા ફરી એકવાર ટી-20 ઓલરાઉન્ડર રેન્કિંગમાં ટોચ પર પહોંચી ગયો છે.

દક્ષિણ આફ્રિકા સામેની હાલમાં જ રમાયેલી ચાર મેચની ટી-20 સીરિઝમાં પ્લેયર ઓફ ધ સીરિઝ રહેલા તિલકે બે સદીની મદદથી 280 રન બનાવીને બેટિંગ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ અને ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટ પછી ત્રીજા સ્થાને પહોંચ્યો છે. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવ બેટિંગ રેન્કિંગમાં એક સ્થાન ગુમાવીને ચોથા સ્થાને પહોંચી ગયો છે.

હાર્દિકે તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝમાં બેટ અને બોલ બંને વડે તેના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે ઈંગ્લેન્ડના લિયામ લિવિંગસ્ટોન અને નેપાળના દિપેન્દ્ર સિંહ એરીને પાછળ છોડી દીધા હતા. ટી-20 વર્લ્ડકપ પછી પહેલીવાર ટોચનો ઓલરાઉન્ડર બનેલો હાર્દિક આ સાથે બીજીવાર નંબરવન ઓલરાઉન્ડર બન્યો છે.

ટી-20 ટોપ ટેન બેટ્સમેન

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	ટ્રેવિસ હેડ	ઓસ્ટ્રેલિયા	855
2	ફિલ સોલ્ટ	ઈંગ્લેન્ડ	828
3	તિલક વર્મા	ભારત	806
4	સૂર્યકુમાર યાદવ	ભારત	788
5	બાબર આઝમ	પાકિસ્તાન	742
6	મહંમદ રિઝવાન	પાકિસ્તાન	719
7	જોશ બટલર	ઈંગ્લેન્ડ	717
8	યશસ્વી જયસ્વાલ	ભારત	706
9	પથુમ નિસાંકા	શ્રીલંકા	672
10	રહેમાન ગુરબાઝ	અફઘાનિસ્તાન	636

ટી-20 ટોપ ટેન ઓલરાઉન્ડર્સ

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	હાર્દિક પંડ્યા	ભારત	244
2	દિપેન્દ્ર સિંહ આરી	નેપાળ	231
3	લિયામ લિવિંગસ્ટોન	ઈંગ્લેન્ડ	230
4	માર્કસ સ્ટોઇનિસ	ઓસ્ટ્રેલિયા	209
5	વનિન્દુ હસરંગા	શ્રીલંકા	209
6	મહંમદ નબી	અફઘાનિસ્તાન	205
7	સિકંદર રઝા	ઝિમ્બાબ્વે	186
8	રોમારિયો શેફર્ડ	વેસ્ટઇન્ડિઝ	175
9	એડન માર્કરમ	દ.આફ્રિકા	168
10	ગેરહાર્ડ ઇરાસમસ	નામિબીયા	164

ભારતીય દૃષ્ટિહીન ક્રિકેટ ટીમને ટી-20 વર્લ્ડકપ માટે પાકિસ્તાન જવાની મંજૂરી ન મળી

નવી દિલ્હી, તા. 20 : કેન્દ્ર સરકારે સુરક્ષાની ચિંતાઓને કારણે પાકિસ્તાન જવાની મંજૂરી ન આપતાં ભારતીય દૃષ્ટિહીન ક્રિકેટ ટીમ ટી-20 વર્લ્ડકપમાં ભાગ લઈ શકશે નહીં એવી માહિતી રાષ્ટ્રીય ફેડરેશને ગઈકાલે મંગળવારે આપી હતી. પાકિસ્તાનમાં 23 નવેમ્બરથી 3 ડિસેમ્બર દરમિયાન યોજાનારી આ સ્પર્ધા માટે ભારતીય ટીમે બુધવારે વાઘા બોર્ડર પાર કરવાની હતી.

ભારતીય દૃષ્ટિહીન ક્રિકેટ ટીમને ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે રમત મંત્રાલય તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મળ્યું હતું પરંતુ વિદેશ મંત્રાલય તરફથી મંજૂરી મળી શકી ન હતી. ઈન્ડિયન બ્લાઈન્ડ ક્રિકેટ એસોસિએશનના જનરલ સેક્રેટરી શૈલેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે, અમને અનૌપચારિક રીતે જાણ કરવામાં આવી છે કે દૃષ્ટિહીન ટીમને પાકિસ્તાન જવા દેવામાં આવશે નહીં.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

અમ્લપિત્ત

બારીક વાટેલી સૂંઠ માં એનાથી બમણા વજને ગઇરિક ચૂર્ણ ભેળવી , નાગરવેલનાં પાનના તાજા કાઢેલા રસ સાથે ઘૂંટી વટાણા જેવડી ગોળીઓ કરી સૂકવી લેવી. દરરોજ સવાર સાંજ બે બે ગોળી પતાસું અને દૂધ સાથે લેવું.

સુડોકુ ૬૦૭૯ - મધ્ય

	૨		૪	૯		૭	૧	૬
		૪				૩	૫	
૬	૯	૫	૩	૭	૧	૪	૮	૨
૫	૮	૬	૧	૨		૯		
૨		૯	૬		૩			૫
	૩						૬	૮
૯	૧	૨	૭	૫	૮		૩	
	૬	૮	૯		૪	૫		
	૫			૩			૯	૧

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૩	૭	૩	૯	૨	૭	૫	૨
૭	૨	૫	૬	૮	૩	૭	૩	૯
૨	૯	૩	૩	૭	૫	૬	૩	૮
૩	૬	૨	૩	૨	૫	૩	૯	૭
૫	૩	૩	૨	૬	૯	૩	૮	૩
૮	૩	૯	૭	૩	૮	૬	૩	૫
૩	૫	૮	૩	૯	૩	૨	૭	૬
૩	૭	૨	૬	૭	૯	૫	૩	૩
૩	૫	૭	૫	૩	૨	૯	૬	૩

૬૦૭૯-૧૬૬૭ ક્રિડિટ

શબ્દગુંફન - ૬૮૨૩

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી
૧. છત્રીવાળી ગાડી (૪)
૪. પારકા ઉપર આધાર રાખનારું (૫)
૭. દાન આપનાર (૩)
૯. તંતુ, દોર (૨)
૧૦. પૈસાદાર (૪)
૧૧. એક ફૂલ (૩)
૧૨. આપવું તે (૨)
૧૪. પગલું, ડગલું (૩)
૧૭. સખા, દોસ્ત (૨)
૧૮. વિજય, ફત્તેહ (૨)
૨૦. માણસાઈ (૪)
૨૧. એક ક્ષાર(૩)
૨૨. પુરુષ (૨)
૨૩. દશા, અત્યારે (૨)
૨૫. હોડી, વહાણ (૨)
૨૬. પ્યાસ, તીવ્ર ઇચ્છા (૩)
૨૮. પ્રિયજનનો વિયોગ(૩)
૨૯. સભ્યતા, વિવેક (૩)
૩૧. દુશ્મનાવટ (૨)
૩૨. મહેલ, પવિત્ર ધામ (૪)
૩૩. દીવાની જયોત (૨)

ઊભી ચાવી
૨. શિવનો સેવક સમુદાય (૨)
૩. આધાર (૩)
૪. પારકા પૈસા (૪)
૫. વહેવારમાં ચાલી શકે તેવું (૪)
૬. બી, બિયું (૨)
૮. બડાઈ, શેખી (૪)
૯. તારનાર, ઉદ્ધારક (૩)
૧૨. ભાવ, મૂલ્ય(૨)
૧૩. અભ્યાસનો સમય (૨)
૧૫. બીક (૪)
૧૬. વાંદરું, કપિ (૩)
૧૭. પોષણ માટે જોઈએ તેટલો આહાર (૪)
૧૯. તપસ્વીનું રહેઠાણ (૪)
૨૦. મન (૩)
૨૪. મોજું, તરંગ (૩)
૨૫. વહાણવટી (૩)
૨૭. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૨૮. રસ વિનાનું (૩)
૩૦. મૃત્યુના દેવ (૨)



૬૮૨૩ - ૧૬૬૭ ક્રિડિટ

આજનું પંચાંગ

તા. 21/11/2024, ગુરુવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1946
વીર સંવત : 2551 **માસ :** કારતક
તિથિ: વદ: ૭૬:17:04
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક:30
નક્ષત્ર : પુષ્ય: 15:36 સુધી ગુરુ પુષ્યામૃત સિધ્ધિયોગ,
યોગ: શુક્લ **કરણ :** વિષ્ટિ
રાશિ : કર્ક (ડ,હ)
દિવસ : મિશ્ર, શ્રી ડોંગરેજી મહારાજની પુ.તિ. 15:36 પછી જન્મેલાની આશ્લેષા શાંતિ કરાવવી
સુરતમાં સૂર્યોદય : 06:54 **સુરતમાં સૂર્યાસ્ત :** 17:55
નવકારસી : 07:42
પારસી વર્ષ : 1394, તીર માસનો 09મો રોજ
મુસલમાન વર્ષ : 1446, જમાદીઉલ અવલ માસનો 18મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ,
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત,
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

મેષ (અ.લ.ઇ.): ઘરમાં વડીલો તથા જીવન સાથીના આરોગ્યની ચિંતા સતાવે. નોકરી ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે.
વૃષભ (બ.વ.ઉ.): આરોગ્ય માટે ચોક્કસ બનશો. શત્રુઓથી સાવધાન રહેવું. સામાજિક પ્રતિષ્ઠા વધે. આવક વધે.
મિથુન (ક.છ.ઘ.): ગુપ્ત રોગ, ગુપ્ત શત્રુ ચોર-લૂંટારુ વગેરે બાબતે સાવધાની રાખવી. ધર્મ-કર્મથી શાંતિ મળે.
કર્ક (ડ.હ.): અચાનક પ્રવાસ થાય. નવા કામની યોજના બને. સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. ખર્ચા વધશે.
સિંહ (મ.ટ.): વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. પ્રતિષ્ઠાને હાનિ થઇ શકે છે. દોડ ધામ અને ખર્ચા વધશે.
કન્યા (પ.ઠ.ણ.): આવક વધે. સંતાનોના કામમાં મદદ મળે. નવા રોકાણથી લાભ થાય. પ્રેમમાં સહકાર મળે.
તુલા (ર.ત.): ઉપરી વર્ગનો સાથ મળે. વડીલોની મદદથી નવી યોજના પાર પડવાથી આવક વધે.
વૃશ્ચિક (ન.ય.): મિત્રો-પરિવાર સાથે ધાર્મિક પ્રવાસનું આયોજન થાય. અટકેલા કામમાં ગતિ આવે.
ધન (ભ.ધ.ફ.ઢ.): શત્રુઓની પીછેહઠ થાય. નોકરીમાં પ્રમોશન થાય નવી નોકરીની યોજના પાર પડે.
મકર (ખ.જ.): નવી યોજનામાં પરિવારનો સાથ મળવાથી આવક વધે. કોર્ટ-કચેરીનાં કામમાં મદદ મળે.
કુંભ (ગ.સ.શ.ષ.): બેંકના કામ તથા લેવડ-દેવડમાં સાવધાન રહેવું. અચાનક ખર્ચા વધશે.
મીન (દ.ચ.ઝ.થ.): વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવસ. શેરબજારમાં તક મળે. પ્રેમમાં સહકાર મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 21 નવેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નવા કામમાં સંઘર્ષ રહે. ચાલુ નોકરી-ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીની મદદ મળે. વર્ષ દરમિયાન ચડતીપડતી નવા ફેરફાર અને સ્થાન ફેર વગેરેથી અશાંતિ અને શારિરીક અશકિત સતાવશે. સમાજમાં અશાંતિનો અનુભવ થાય. નવા ઘર, વાહન, મકાન માટે વર્ષની શરૂઆતમાં અનુકૂળતા રહેશે. નોકરીમાં સાવધાની રાખવી ખાસ કરીને સરકારી નોકરી ખાતે સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે આરોગ્ય બાબતે સભાન રહેવું પડશે. નવાં રોકાણમાં ધીરજ રાખવી મિત્રો-વડીલોની મદદ સંતાનોનાં કામ તથા વીલ-વારસામાં મળે, વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજીનો લાભ મળે. વિદેશનાં કામ ધીમા